Witness Service
Helping people in court

# Going to court
# કોર્ટમાં જવું

### મેજિસ્ટ્રેટ્સ કોર્ટ અથવા ક્રાઉન કોર્ટમાં જતાં સાક્ષીઓ અને ગુનાનો ભોગ બનેલાં લોકો માટે માહિતી

## કોર્ટમાં જઈ રહ્યાં છો?

સાક્ષી તરીકે અથવા ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ તરીકે કોર્ટમાં જવું એ ચિંતાભર્યો અનુભવ હોઈ શકે છે, ખાસ કરીને જો તમે પહેલી વાર જતાં હો અને ત્યાં શું થશે તેની તમને ખબર ન હોય.

કોર્ટની કાર્યવાહી ગૂંચવણભરેલી હોઈ શકે છે. જુબાની આપવાના સંજોગોમાં મદદરૂપ થઈ શકે તેવી માહિતી અને સહાયતા કેવી રીતે મેળવવી તે આ પત્રિકા તમને જણાવે છે.

## વિટનેસ સર્વિસ

વિટનેસ સર્વિસ સાક્ષીઓ, ગુનાનો ભોગ બનેલાં લોકો, તેમનાં કુટુંબો અને મિત્રોને સુનાવણી પહેલાં, તે દરમ્યાન અને તે પછી મદદ કરે છે.

તે ગુનાની અસરોને પહોંચી વળવામાં લોકોને મદદ કરતી રાષ્ટ્રિય ચેરિટી (ધર્માદા સંસ્થા) વિક્ટિમ સપોર્ટ દ્વારા ચલાવવામાં આવે છે.

ઇંગ્લેન્ડ અને વેઈલ્સમાં દરેક ક્રાઉન કોર્ટ સેન્ટર અને મેજિસ્ટ્રેટ્સ કોર્ટમાં એક વિટનેસ સર્વિસ હોય છે.

આ સેવા ખાનગી અને મફત હોય છે.

તાલીમ મેળવેલાં સ્વયંસેવકો લાગણીશીલ ટેકો અને કોર્ટની કાર્યવાહી વિશે વ્યવહારિક માહિતી પૂરી પાડે છે.

સામાન્ય રીતે વિટનેસ સર્વિસ તમને પોતાની સેવાઓ આપવા માટે કોર્ટની સુનાવણી પહેલાં સંપર્ક કરશે.

## વિટનેસ સર્વિસ આમને મદદ કરે છે

- બચાવ પક્ષના સાક્ષીઓ સહિત જુબાની આપવા માટે બોલાવવામાં આવેલા સાક્ષીઓને
- કોઈ કારણસર કોર્ટમાં હાજરી આપતાં, ગુનાનો ભોગ બનેલાં લોકો અને તેમનાં કુટુંબો અને મિત્રોને
- બાળકો અને પુખ્ત વયનાં લોકોને પણ

**જો તમે કોર્ટમાં જઈ રહ્યાં હો, તો તમને કદાચ નીચેની વસ્તુઓ/લોકોને સાથે લાવવાનું ઉપયોગી નીવડશે**

- કોઈ મિત્ર અથવા સગા - તમારે એકલાએ કોર્ટમાં જવું જરૂરી નથી (ઓલ્ડ બેઈલી તરીકે ઓળખાતી સેન્ટ્રલ ક્રિમિનલ કોર્ટમાં, તમે તમારી સાથે કોઈને લઈને આવવાનાં છો તેવું જણાવતી સૂચના તમારે અગાઉથી આપવાની રહેશે)
- કેસ વિશે તમારી પાસે હોય તેવી કોઈ પણ માહિતી (દાખલા તરીકે, તમારા કેસની કાર્યવાહી કરી રહેલા પોલીસ ઓફિસરનું નામ, જો તમને ખબર હોય તો)
- કોર્ટમાં હાજરી આપવાનું જણાવતો પત્ર જો તમને મળ્યો હોય તો
- કશું વાંચવા કે કરવા માટે - તમારા કેસની સુનાવણી પહેલાં તમારે કદાચ લાંબો સમય રાહ જોવી પડે
- તે દિવસના ખર્ચ માટેના પૈસા, જેમ કે કાર પાર્કિંગ કે નાસ્તા પાણી માટે.

## ખર્ચનો ક્લેઈમ કરવો

જો તમને સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યા હોય, તો તમે સુનાવણી પછી તમારા ખર્ચનો ક્લેઈમ કરી શકશો. આ ખર્ચમાં કોર્ટ સુધી આવવાનો ખર્ચ, જરૂરી બાળ સંભાળ અથવા આવક ગુમાવવા માટેનો ખર્ચ હોઈ શકે. ખર્ચનો ક્લેઈમ કરવા વિશે વધારે માહિતી માટે વિટનેસ સર્વિસને પૂછો.

## અમારી કટીબદ્ધતા

વિક્ટિમ સપોર્ટ સમાજનાં બધાં જ ક્ષેત્રોનાં લોકોને પોતાની સેવા આપે છે અને સમગ્ર સંસ્થામાં લઘુમતી અને સગવડો મેળવવામાં પાછળ રહી ગયેલાં જૂથોનાં લોકોને આવકારવામાં અને સાંકળવામાં આવે છે તેની ખાતરી કરવા માટે કટીબદ્ધ છે.

ગુનાનો ભોગ બનેલાં લોકો માટે પૂરી પાડવામાં આવેલી સેવાઓ વિશેની ટીકાઓ અને સૂચનો વિક્ટિમ સપોર્ટ આવકારે છે. જો કશું ખોટું થયું હોવાનું તમને લાગતું હોય તો વિધિવત્ ફરિયાદ કરવા માટેની પદ્ધતિ પણ છે. વધારે માહિતી માટે કૃપા કરીને વિક્ટિમ સપોર્ટ / વિટનેસ સર્વિસની તમારી સ્થાનિક શાખાનો અથવા નેશનલ ઓફિસનો સંપર્ક કરો.

## વધારે માહિતી

તમને કદાચ હોમ ઓફિસ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલી *'વિટનેસ ઈન કોર્ટ' (કોર્ટમાં સાક્ષી)* નામની પત્રિકા વાંચવાનું ઉપયોગી લાગશે. તમારે કઈ તારીખે કોર્ટમાં જવાનું છે તે જણાવતો પત્ર જો તમને તમારા સ્થાનિક પોલીસ પાસેથી મળ્યો હોય, તો તે પત્રની સાથે આ પત્રિકાની નકલ મોકલેલી હોવી જોઈએ.

Witness Service

Helping people in court

## વિક્ટિમ સપોર્ટ આ પ્રદાન કરી શકે છે

- એકાંતમાં વાત કરવા માટે કોઈ વ્યક્તિ
- કોર્ટ સેન્ટરની મુલાકાત અને જ્યાં શક્ય હોય ત્યાં તમને સાક્ષી તરીકે બોલાવવામાં આવતાં પહેલાં કોર્ટરૂમ બતાવવો
- કોર્ટની કાર્યવાહીઓ વિશે માહિતી
- સુનાવણી પહેલાં અને તે દરમ્યાન બેસીને રાહ જોવા માટેની શાંત જગ્યા
- તમારે જુબાની આપવા જવાનું હોય તો કોર્ટરૂમમાં તમારી સાથે આવવા માટે કોઈ વ્યક્તિ
- વ્યવહારિક મદદ, દાખલા તરીકે ખર્ચનો ક્લેઈમ કરવા માટેનાં ફોર્મો
- તમારા કેસ વિશેના ખાસ પ્રશ્નોના જવાબ આપી શકે તેવી કોઈ વ્યક્તિ સાથે તમને સંપર્ક કરાવી આપવો (વિટનેસ સર્વિસ જુબાની વિશે ચર્ચા કરી શકે નહિ અથવા કાનૂની સલાહ આપી શકે નહિ)
- કેસ પૂરો થઈ ગયા બાદ તે વિશે વાતચીત કરવાની અને વધારે મદદ અને માહિતી મેળવવાની તક.

જો તમે સાક્ષી અથવા ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ તરીકે કોર્ટમાં જઈ રહ્યાં હો, તો વિટનેસ સર્વિસ તમને તેમાં મદદ કરવા માટે મફત અને ખાનગી ટેકો પૂરો પાડી શકે છે.

## વિટનેસ સર્વિસનો અહીં સંપર્ક કરો

# વિક્ટિમ સપોર્ટલાઈન
# 0845 30 30 900

### વિક્ટિમ સપોર્ટ તમને તમારી સ્થાનિક વિટનેસ સર્વિસનો સંપર્ક પણ કરાવી આપી શકે છે.

વિક્ટિમ સપોર્ટ દ્વારા પ્રકાશિત
પ્રેસિડેન્ટ એચ.આર.એસ. ધ પ્રિન્સેસ રોયલ

Victim Support National Office, Cranmer House
39 Brixton Road, London SW9 6DZ
ફોનઃ 020 7735 9166 ફેક્સઃ 020 7582 5712
વેબઃ www.victimsupport.org

ચેરિટી રજિસ્ટ્રેશનઃ 298028 કંપની નંબરઃ 2158780
ઇંગ્લેન્ડમાં રજિસ્ટર્ડ લિમિટેડ બાય ગેરંટી
રજિસ્ટર્ડ ઓફિસ ઉપર મુજબ.

એપ્રિલ 2002